# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- ભરૂચ અને સુરત જીલ્લામાં સાંબેલાધાર વરસાદના કારણે જળંબબાકારની સ્થિતિ ...છેલ્લા બાર કલાકમાં રાજ્યના 187 તાલુકાઓમાં વરસાદ
- વરસાદગ્રસ્ત જીલ્લાઓના કલેક્ટર સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા મુખ્યમંત્રીએ વાતચિત કરી..આરોગ્ય અને અસરગ્રસ્તોને કેશડોલ્સ ઝડપી ચૂકવવા તાકિદ
- આવતીકાલે સુરત, છોટાઉદેપુર, ભરૂચમાં હવામાન વિભાગે રેડએલર્ટ જાહેર કર્યુ
- પોરબંદરના દરિયામાં બચાવ કાર્ય માટે ગયેલું તટરક્ષક દળનું હેલિકોપ્ટર ક્રેશ.. બે જવાનોના મોત અને એક હજુ લાપતા જ્યારે એક જવાન સારવાર હેઠળ
- દેશની પહેલી સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીનો થરાદમાં પ્રારંભ કરાવતા વિધાનસભાના અધ્યક્ષ  શંકર ચૌધરી..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAIN- DISTRICT

રાજ્યનાં 187 જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ભરૂચ જિલ્લાના વાલિયામાં 6.14 ઇંચ તેમજ નેત્રંગમાં પાંચ ઇંચ વરસાદ થયાના અહેવાલ છે. સુરતના ઉમરપાડામાં 4 ઇંચ, અને વલસાડમાં 4 ઇંચ વરસાદ વરસ્યો હતો.

ભારે વરસાદને કારણે ભરૂચ અને અંકલેશ્વર શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. સેવાશ્રમ રોડ, શક્તિનાથ રેલવે ગરનાળુ અને કલેક્ટર કચેરી નજીક રેલવેનાળામાં પાણી ભરાતાં વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. ભરૂચ જિલ્લાન પાંજરોલી તેમજ ડહેલી ગામના મામલતદારે મુલાકાત લીધી હતી.

ભરૂચના વાલિયાના ડહેલી ગામે 87 લોકો  સંપર્ક વિહોણા બન્યા હતા, તેમજ કાછોટા ફળિયાની ચારે તરફ કિમ નદીના પાણી ફરી વળ્યા હતા. પ્રાંત અધિકારીએ સ્થળની મુલાકાત લીધી.

પાટણમાં રેલ્વેનાળા અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો થયો હતો.

વલસાડમાં મોગરાવાળી ગરનાળાના માર્ગ પર મહિલા શિક્ષિકાની કાર પાણીમાં તણાંતા સ્થાનિક લોકોએ બચાવ કર્યો હતો.

અરવલ્લી જિલ્લાના વિવિધ જળાશોયમાં પાણીની ભરપુર આવક નોંધાઈ રહી છે. મોડાસાના માઝમ જળાશયમાં બે દરવાજા બે ફૂટ ખોલીને 2 હજાર 530 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. માલપુરના વાત્રક ડેમની કુલ સપાટી 136.25 છે, હાલની સપાટી  136 મીટર પર પહોંચી છે, જેમાંથી પીસ્તાળીસ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે...

છોટાઉદેપુરના પાદરવાંટ ગામે ગલુ ફળિયાના  ઘરમાંથી  11 ફૂટ લાંબા અજગરનું ગઈ રાત્રે વન વિભાગ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.

જામનગરના ઘણા વિસ્તારોમાં 5 થી 12 ફૂટ પાણી ભરાતા લોકોની ઘરવખરી પણ પાણીમાં તણાઇ ગઇ હતી. જામનગર વન વિભાગના કર્મચારીઓ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પેકેટ તેમજ જરૂરી કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું..

-------------

## ROAD REPER + SAFAI

ડાંગ જિલ્લાના વન વિસ્તારમાં વનકર્મીઓએ, બરડીપાડા-મહાલ રોડ સહિત આહવા-મહાલ, ભેન્સકાતરી-કાલીબેલ, ભેન્સકાતરી-વઘઈ ઉપરાંત સુબીર-પીપલદહાડ જેવા માર્ગો વાહન વ્યવહાર માટે ખુલ્લા કર્યા હતા.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પણ ગણેશ ઉત્સવને લઈને પાલિકા દ્વારા રોડનું સમારકામ શરૂ કરવામાં આવ્યું છે. નાની દમણમાં તીન બત્તી, કેકે માર્ગ અને જેટી રોડ સહિત અન્ય ઘણા રસ્તાનું સમારકામ કરવામાં આવ્યું હતું ,તીન બત્તીથી વિશ્વકર્મા રોડ અને જેટી રોડથી ગણપતિ દરિયામાં વિસર્જન માટે જવાય છે.

ગીરસોમનાથ જિલ્લામાં નગરપાલિકાનાં ચીફ ઓફિસર શ્રી વિનોદ રાઠોડના માર્ગદર્શન હેઠળ વરસાદ બાદ રોગચાળો ન ફેલાય તે માટે કોડિનાર શહેરી વિસ્તારમાં આવેલ ધાર્મિક સ્થળોના મેદાનોમાં તેમજ રોડ ઉપર જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામા આવ્યો હતો. ઉપરાંત, શહેરમાં સ્વચ્છ સર્વેક્ષણ અભિયાન મુજબ શહેરના જુદા જુદા વિસ્તારોમાં સુકા અને ભીના કચરાના ટ્વીન બીન્સ લગાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

----

## CM VEDIO CONFERENCE

રાજ્યમાં વરસાદી સ્થિતિની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરી હતી...

અસરગ્રસ્ત જીલ્લાના કલેકટરો સાથે તેમણે વાતચિત કરતાં  કહ્યું કે હવે જ્યારે વરસાદે વિરામ લીધો છે અને વરસાદી સ્થિતિમાંથી બહાર આવી રહ્યા છીએ ત્યારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં સફાઈ લોકોની આરોગ્ય સુખાકારી, માર્ગોની તાકીદે મરામતને અગ્રતા આપવા મુખ્યમંત્રીએ તાકિદ કરી હતી..તાત્કાલિક  સર્વે કરીને કેશડોલ્સ અને ઘરવખરી સહાયનું પણ ચૂકવણું અસરગ્રસ્તોને ત્વરાએ થાય તેને પ્રાધાન્ય આપવા તેમણે જીલ્લા કલેકટરોને સૂચના આપી હતી.

-----

## WEATHER AGAHI

હવામાન વિભાગે આવતીકાલે છોટાઉદેપુર, નર્મદા અને સુરતમાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે બનાસકાંઠા, પંચમહાલ અને દાહોદ તેમજ વડોદરા તેમજ ભરૂચ અને ડાંગમાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે અમદાવાદ સહિતના જીલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ  એલર્ટ જાહેર કર્યું છે.

આ ઉપરાંત બુધવારે પણ ભરૂચ અને સુરતમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે દક્ષિણ ગુજરાત માટે ઓરેન્જ એલર્ટ જાહે કરાયું છે.

-----

## MORBI -MARINE SALT MANUFACTURERS ASSOCIATION

મચ્છુ ડેમમાંથી છોડવામાં આવેલ પાણીથી માળિયાના મીઠાના અગરોમાં અને ફેકટરીઓમાં તૈયાર પડેલા મીઠાના જથ્થાને નુકશાન થયું છે. માળિયા વિસ્તારમાં અંદાજીત 500 જેટલા 10 એકર વાળા અગરિયાઓ તેમજ 100 જેટલા નાના, મધ્યમ અને મોટા કારખાનાઓ આવેલા છે.

મરીન સોલ્ટ મેન્યુફેક્ચર એસોસીએશનના પ્રમુખ દીલુભાઈ જાડેજાએ સરકારને સહાય માટે રજૂઆત કરી છે.

**(બાઈટ: દીલુભાઈ જાડેજા, પ્રમુખ, મરીન સોલ્ટ મેન્યુફેક્ચર એસોસીએશન, ગુજરાત)**

ઉલ્લેખનીય છે કે, દેશના 75 ટકા મીઠાનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. જે પૈકી કચ્છ પ્રથમ અને માળીયા બીજા નંબરે છે. માળીયામાં દર વર્ષે અંદાજીત 40 થી 45 લાખ ટન મીઠાનું ઉત્પાદન થાય છે.

----------------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## PORBANDAR – Helicopter Cresh

પોરબંદર પાસે અરબી સમુદ્રમાં તટરક્ષક દળનું હેલીકોપ્ટર તૂટી પડતાં બે જવાનોનાં મોત થયાં છે.

પોરબંદરથી અમારા પ્રતિનિધિ મહેશુ લુક્કા જણાવે છે કે પોરબંદરથી 45 કિલોમીટર દૂર માંગરોળના દરિયામાં એક ખલાસીને બચાવવા તટરક્ષક દળનું હેલીકોપ્ટર ગઇકાલે રાત્રે 4 જવાનો સાથે રવાના થયું હતું. ઘટના સ્થળે આ હેલીકોપ્ટર ઇમરજન્સી લેન્ડિંગ દરમિયાન તૂટી જઇ દરિયામાં ખાબક્યું હતું. ચાર જવાનો પૈકી એક જવાનને બચાવી લેવાયો હતો, જ્યારે લાપતા બનેલા 3 જવાનોને શોધી કાઢવા 4 શીપ અને બે હેલીકોપ્ટરની મદદ લેવાઇ હતી.

આ શોધખોળ અભિયાનમાં 3 પૈકી બે જવાનોનાં મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે હજુ એક જવાનની ભાળ મળી નથી. જેની શોધખોળ ચાલી રહી છે.

---------

## BANAS DAIRY SHANKAR CHAUDHRI

બનાસકાંઠાના થરાદ ખાતે બનાસ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી અને બનાસ સેવ સોઈલ ફાર્મર પ્રોડ્યુસર કંપનીનું નિર્માણ કરવામાં આવ્યું છે. દેશની આવી પ્રથમ લેબોરેટરીનું લોકાર્પણ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રયોગશાળાના ઉદઘાટન પ્રસંગે શંકર ચૌધરીએ જિલ્લાના ખેડૂતોને તેના દ્વારા મળતા ફાયદા વિષે વાત કરી હતી. આગામી સમયમાં ખેડૂતોને

પોતાની જમીનમાં કયું વાવેતર કરવાનું છે અને તેમાં કયા ખાતરનો ઉપયોગ કરવાનો છે તે આ માટી પરીક્ષણ ઉપરથી નક્કી થશે. ખેડૂતોને ઘરે બેઠા ખેતી લક્ષી માહિતી મળશે તેમ શંકર ચૌધરીએ જણાવ્યું હતું.

**(બાઇટ - શંકર ચૌધરી, ચેરમેન બનાસડેરી)**

-----------

## BJP SAHKAR SAMELAN

ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાયેલા સહકાર સંમેલનમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે જળસંચય અને ભૂગર્ભ જળના સંગ્રહનું સહકાર આગેવાનોને આહ્વાન કર્યું હતું.. ગાંધીનગરમાં સદસ્યતા અભિયાન અંતર્ગત સહકાર સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય મંત્રી સી.આર.પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશના હોદ્દેદારો અને સહકાર ક્ષેત્રોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વરસાદી પાણીના સંગ્રહ ઉપર પણ તેમણે ભાર મૂક્યો હતો.

**(બાઇટ - સી આર પાટીલ, જળશક્તિંમંત્રી)**

ગુજરાતમાં આજથી ભારતીય જનતા પાર્ટીના સદસ્યતા અભિયાનની શરૂઆત થઈ છે. આ અંતર્ગત આજે અમદાવાદમાં કાર્યક્રમ યોજાયો હતો, જેમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ભાજપના સભ્ય બનાવ્યા હતા. આ

પ્રસંગે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે અપીલ કરી કે, દરેક સક્રિય કાર્યકર્તા 100 પ્રાથમિક સભ્ય બનાવે.

-----------------------------------

## KUTCH SOPARI

કચ્છના મુદ્રા બંદર પરથી કસ્ટમ વિભાગને સોપારીનો મોટો જથ્થો ઝડપવામાં સફળતા મળી છે..

મુન્દ્રા કસ્ટમે 3 કરોડની કિંમતની સોપારી ઝડપી પાડી છે. કાસેઝ જતા પહેલા જ ળેલી  બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ જથ્થો ઝડપાયા બાદ  તપાસમાં પ્લાસ્ટિકના દાણાની આડમાં દુબઈથી આવેલો 53 ટનનો સોપારીનો જથ્થો જપ્ત કરાયો હતો. પ્રાથમિક તપાસમાં મળેલી માહિતીના આધારે બે મોટા 40 ફૂટ સાઈઝના કન્ટેનરમાં સોપારીની ગુણીઓ ભરેલો જથ્થો મળી આવ્યો હતો. કસ્ટમે સોપારીનો જથ્થો ઝડપીને તેની તપાસ શરૂ કરી છે. જથ્થો કોના દ્વારા મોકલાયો અને ક્યાં જવાનો હતો તેની તપાસ કસ્ટમ વિભાગ કરી રહ્યું છે.

-------------------------

## Bhavnagar –Lion Rescue

ભાવનગર રેલ્વે ડિવિઝનના લોકો પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવીને 3 સિંહોને ટ્રેનની અડફેટે લેતા બચાવ્યા હતા .

ગઇકાલે રાત્રે  લોકો પાયલટે ગાધકડા-સાવરકુંડલા સેક્શન વચ્ચે 03 સિંહો રેલ્વે ટ્રેક ક્રોસ કરતા જોવા મળ્યા, ત્યારે ગુડ્સ ટ્રેનને ઇમરજન્સી બ્રેક લગાવીને લગભગ 100 મીટરના અંતરે રોકવામાં આવી હતી. લોકો પાયલોટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) અને સાવરકુંડલાના સ્ટેશન માસ્તરને વોકી-ટોકી દ્વારા જાણ કરવામાં આવી હતી. થોડા સમય બાદ જ્યારે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના કર્મચારી આવ્યા અને ટ્રેક ક્લીયર થવાનો સિગ્નલ મેળવ્યો ત્યારે લોકો પાયલટ દ્વારા માલગાડીને ગંતવ્ય સ્થાન તરફ લઈ જવામાં આવી હતી.

-----------------